# Joining The Library (Gujarati Version)

## લાઇબ્રેરીમાં જોડાવું

- લાઇબ્રેરીમાં જોડાવું મફત છે. તે તમને અને તમારા પરિવારને મફત પુસ્તકો, કમ્પ્યુટરો અને સમુદાયિક પ્રવૃત્તિઓનો ( કમ્યુનિટી એક્ટિવિટીઝ ) ઉપયોગ કરવાની સુવિધા આપે છે.
- જો તમે નોંધણી કરાવવા માંગતા હો, તો ડેસ્ક પરના સ્ટાફના સભ્યને સરળતાથી પૂછો.

તમે કહી શકો છો:

### પ્લીઝ કેન આઈ જોઈન ધ લાઇબ્રેરી ? - ( કૃપા કરીને, હું લાઇબ્રેરીમાં જોડાઈ શકું ? )

સ્ટાફ તમને નીચેના પ્રશ્નો પૂછશે, તમે આ માહિતી તેમના માટે લખીને આપી શકો છો.

- નામ
- ઈમેલ
- જન્મ તારીખ
- સરનામું અને ટેલિફોન નંબર
- તમારી ઓળખ સાબિત કરવા માટે તમને યોગ્ય ઓળખપત્ર બતાવવું પડશે.
    - એમાં તમારું નામ, સરનામું અને પોસ્ટકોડ દેખાવું જોઈએ, જેમ કે તમારું ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા ગેસનું બિલ
- ત્યારબાદ તમને લાઇબ્રેરી કાર્ડ અને પિન નંબર આપવામાં આવશે.
- અમારી પાસે એક વેબસાઇટ પણ છે, જેમાં Inspire Libraries વિશે ઘણી માહિતી આપવામાં આવી છે:

Inspireculture ( www.inspireculture.org.uk/reading-information/libraries )

## લાઇબ્રેરીનો ઉપયોગ કરવો

- તમે એક સમયે વધુમાં વધુ **24** વસ્તુઓ ઉધાર લઈ શકો છો – મોટાભાગની વસ્તુઓ **3** અઠવાડિયા સુધી રાખી શકાય છે.

- જો કોઈ બીજાએ પુસ્તક માટે વિનંતી ન કરી હોય, તો તમે દરેક પુસ્તકને વધુમાં વધુ **4** વખત ફરીથી નવીકરણ કરી શકો છો. પુસ્તકોનું નવીકરણ કિયોસ્ક મશીન દ્વારા, ડેસ્ક પર અથવા Ask Inspire ( વેબસાઇટ ) દ્વારા કરી શકાય છે.

તમે કહી શકો છો:

**પ્લીઝ, કેન આઈ રિન્યૂ માય બુક્સ / આઇટમ્સ?**
**કૃપા કરીને, હું મારા પુસ્તકો / વસ્તુઓ નવીકરણ કરી શકું ?**

- જો તમે તમારી પુસ્તકો મોડાં પરત કરશો, તો ફી લાગશે. પુખ્ત લોકો માટે આ ચાર્જ દરેક પુસ્તક માટે દરરોજ **21** પેન્સ **( 21p )** છે.
- તમે કિયોસ્ક મશીન પર ભાષા બદલી શકો છો, સ્ક્રીનના તળિયે આપેલા ટેબને પસંદ કરીને.

**ઇન્સ્પાયર લાઇબ્રેરીઝ (Inspire Libraries) — શું ઉપલબ્ધ છે?**

- અમારી પાસે તમારી ભાષામાં પુસ્તકો છે
- બેસ્ટ-સેલિંગ લેખકોનાં પુસ્તકો પણ છે, જે તમારી ભાષામાં છપાયેલા હોય તો.
- અમારી પાસે અંગ્રેજી શીખતા પુખ્ત લોકો અને બાળકોને મદદ કરવા માટે પુસ્તકોનો સ્ટાર્ટ કલેક્શન (Start Collection) છે
- PressReader અને Libby એપ (app) પર મફત eMagazines અને eNewspapers ઉધાર લો
- લાઇબ્રેરીના કમ્પ્યુટરોનો મફતમાં ઉપયોગ કરો
- તમને કોઈપણ પ્રશ્ન હોય તો અમારા મિત્રતાપૂર્ણ સ્ટાફને પૂછો
- તમારી લાઇબ્રેરીમાં ઇવેન્ટ્સ અને પ્રવૃત્તિઓમાં ( events & activities ) ભાગ લો. દરેક ઉંમરના બાળકો અને પરિવાર માટે પ્રવૃત્તિઓ, વાંચન અને હસ્તકલા, તેમજ લોકોને મળવા માટે ગ્રુપ્સ છે. ઘણી પ્રવૃત્તિઓ મફત છે.
- Your Notts Directory ( https://www.yournottsdirectory.org.uk )
  - કાઉન્ટીમાં વિવિધ સેવાઓ વિશે માહિતી મળે છે
  - કેટલીક સેવાઓ રાષ્ટ્રીય સ્તરે છે
- અન્ય ભાષા બોલનારા લોકો માટે અંગ્રેજી ભાષાના વર્ગો — Access English for Speakers of Other Languages (ESOL)